# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 19-08-2024 Midday : 1.20 to 1.30

Day : Monday National News

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

**************************************************

- ✓ મંકીપોક્સ સંક્રમણને કારણે કેન્દ્ર સરકારે રાજ્યોને ત્વરિત પગલા લેવા નિર્દેશ આપ્યો
- ✓ જમ્મુ કાશ્મીર વિધાનસભાની પ્રથમ તબક્કાની ચૂંટણી માટે આવતીકાલે જાહેરનામું બહાર પાડવામાં આવશે.
- ✓ નાણામંત્રી નિર્મલા સીતારમણ જાહેર ક્ષેત્રની બેંકોના કાર્યોની સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરશે
- ✓ હિમાચલપ્રદેશમાં ભારે વરસાદને કારણે ભૂસ્ખલન થતાં 146 માર્ગ બંધ
- ✓ અમરનાથ યાત્રાની શ્રદ્ધાપૂર્વક પૂર્ણાહૂતિ, અંદાજે 5 લાખ શ્રદ્ધાળુઓએ આ વર્ષે કર્યા પવિત્ર ગુફાના દર્શન
- ✓ અને દેશભરમાં રક્ષાબંધન પર્વની ઉલ્લાસભેર ઉજવણી, રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ દેશવાસીઓને શુભેચ્છા પાઠવી .

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## CENTRE - MPOX REVIEW

મંકીપોક્સ વાઇરસ સંક્રમણની ભીતિને જોતા પ્રધાનમંત્રીના મુખ્ય સચિવ ડૉ. પી. કે. મિશ્રાએ ગઈકાલે દિલ્હી ખાતે સમીક્ષા બેઠક કરી હતી. આ બેઠકમાં મંકીપોક્સ વાઇરસને લઈને તૈયારીઓ તેમજ આગોતરા પગલાંઓ વિશે ચર્ચા કરવામાં આવી. તેમણે જણાવ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સ્થિતિનું નિરીક્ષણ કરી રહ્યા છે. બેઠક દરમિયાન શ્રી મિશ્રાએ રાજ્યોને દેખરેખ વધારવા અને કેસોની ત્વરિત તપાસ માટે અસરકારક પગલાં લેવા નિર્દેશ આપ્યા છે.

વધુમાં તેમણે લેબોરેટરીઓનું નેટવર્ક વહેલી તકે નિદાન માટે સજ્જ હોવું જોઈએ તે વાત પર ભાર મૂક્યો હતો. હાલમાં દેશની 32 જેટલી લેબોરેટરી મંકીપોક્સ વાઇરસના પરીક્ષણ માટે સજ્જ છે.

ઉલ્લેખનીય છે કે વિશ્વ આરોગ્ય સંસ્થાએ આફ્રિકાના દેશોમાં મંકીપોક્સ વાઇરસના સંક્રમણને જોતા વૈશ્વિક આરોગ્ય કટોકટીની જાહેરાત કરી છે. 2022ના અંત સુધીમાં વિશ્વના 116 દેશોમાં મંકીપોક્સના 99 હજાર જેટલા કેસ નોંધાયા હતા. જ્યારે 208 દર્દીઓના મોત થયા હતા

## J&K - ASSEMBLY ELECTION J

જમ્મુ કાશ્મીર વિધાનસભાની આગામી 18 સપ્ટેમ્બરે યોજાનારી સામાન્ય ચૂંટણીના પ્રથમ તબક્કા માટે આવતીકાલે જાહેરનામું બહાર પાડવામાં આવશે.

આ તબક્કામાં અનંતનાગ, શોપિયાં, કુલગામ, રામબન, કિશ્તવાર અને ડોડા જિલ્લામાં મતદાન થશે. ઉમેદવારો 27 મી ઓગસ્ટ સુધી ઉમેદવારીપત્ર ભરી શકશે. બીજા દિવસે ઉમેદવારીપત્રોની ચકાસણી થશે. જ્યારે 30મી ઓગસ્ટ સુધી ઉમેદવારીપત્ર પાછું ખેંચી શકાશે.

દરમિયાન, કેન્દ્રશાસિત પ્રદેશમાં આગામી વિધાનસભાની ચૂંટણીઓ માટેની અંતિમ મતદાર યાદી આવતીકાલે જાહેર કરાય તેવી શક્યતા છે, જેમાં મતદારોની સંખ્યા લગભગ 90 લાખ જેટલી હોવાની શક્યતા છે.

## JAMMU KASHMIR SECURITY

જમ્મૂ કાશ્મીરમાં સંભવિત આતંકવાદી હુમલાની આશંકાને પગલે સુરક્ષા વ્યવસ્થા કડક બનાવાઈ છે. ડોડા, રામબન અને ઉધમપુર જિલ્લાઓને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ચાંપતો સુરક્ષા બંદોબસ્ત ગોઠવાયો છે.

આકાશવાણી જમ્મૂના અમારા સંવાદદાતા જણાવે છે કે આ વિસ્તારોમાં AI આધારિત ઓળખ વ્યવસ્થા, ડ્રોન અને સીસીટીવી કેમેરા મૂકવામાં આવ્યા છે. પટનીટોપના પર્વતીય વિસ્તારોમાં એન્કાઉન્ટર બાદ, ઉધમપુર અને રિયાસી જિલ્લામાં તેમજ પટનીટોપ અને સનાસરના રિસોર્ટમાં કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

પોલીસ અને સુરક્ષા દળો દ્વારા ડોડા રાષ્ટ્રીય ધોરીમાર્ગ, જમ્મૂ-શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ અને અન્ય જોડતા રસ્તાઓ પર અગમ્ય ઘટનાઓને નિષ્ફળ બનાવવા નવી ચોકીઓ ઉભી કરાઈ છે. ઉપરાંત ઉધમપુર, ચેનાની, અસાર, બટોટે, ડોડા, કિશ્તવાડ, રામબન, બનિહાલ, રામસુ સહિતના અન્ય સ્થળોએ પણ સુરક્ષા વધારવામાં આવી છે.

## DAY SITHARAMAN REVIEW MEET

નવી દિલ્હીમાં કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામનની અધ્યક્ષતામાં જાહેર ક્ષેત્રની બેન્કના વિવિધ માપદંડની સમીક્ષા કરવા એક બેઠકનું આયોજન કરાયું છે. બેન્કની સમીક્ષા સંબંધિત આ તેમની પહેલી બેઠક છે. બેઠક દરમિયાન નાણામંત્રી સીતારામને અન્ય સભ્યો સાથે બેન્કના મહત્વપૂર્ણ સૂચક એવા, થાપણ વૃદ્ધિ, ધિરાણથી થાપણ ગુણોત્તર અને મિલકત ગુણવત્તાની સમીક્ષા કરશે.

કેન્દ્રીય નાણામંત્રી પીએમ આવાસ યોજના, પીએમ સૌર ઘર અને પીએમ વિશ્વકર્મા યોજના જેવી પહેલ અંતર્ગત જાહેર ક્ષેત્રની બેન્કની કામગીરીનું મુલ્યાંકન કરશે. બેઠકમાં નાણાકીય સેવા વિભાગના સચિવ ડૉ. વિવેક જોષી, જાહેર ક્ષેત્રની

બેન્કના વડા અને મુખ્ય કાર્યકારી અધિકારીઓ ઉપસ્થિત છે. ઉપરાંત નાણામંત્રી સાંજે પ્રાદેશિક ગ્રામીણ બેન્કની કામગીરીની સમીક્ષા પણ કરશે.

# NEPAL FOREIGN MINISTER

વિદેશમંત્રી ડૉ.એસ.જયશંકર નેપાળના વિદેશ મંત્રી ડૉ. અરજૂ રાણા દેઉબા સાથે દિલ્હીમાં દ્વીપક્ષીય મુદ્દાઓ અંગે ચર્ચા કરી રહ્યા છે. નેપાળના વિદેશમંત્રી ભારતના પાંચ દિવસના પ્રવાસે, છે.

વિદેશ મંત્રાલયે જણાવ્યા પ્રમાણે ભારતની પાડોશી પ્રથમ નીતિમાં નેપાળ પ્રાથમિક ભાગીદાર છે. આ મુલાકાત બંને દેશો વચ્ચે દ્વીપક્ષીય સહકારની પ્રગતિની સમીક્ષાની તક ઉભી કરશે. આ ઉપરાંત તેનાથી બંને દેશો વચ્ચેના સંબંધો સુદૃઢ કરવામાં મદદ મળશે..

# WEST BENGAL- CBI

કેન્દ્રીય તપાસ સંસ્થા-સીબીઆઇ આરજી કાર મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલના ભૂતપુર્વ આચાર્ય સંદીપ ઘોષની પૂછપરછ કરી રહી છે. શ્રી ઘોષની પૂછપરછનો આ ચોથો દિવસ છે.

બીજી બાજુ, વિરોધ પક્ષના નેતા સુવેન્દુ અધિકારીએ જણાવ્યું છે કે, આ ઘટના અંગે સામાજિક માધ્યમની પોસ્ટ અંગે રાજ્ય પોલિસ અને સાઇબર ક્રાઇમ વિભાગ દ્વારા નોટિસ મેળવનાર લોકોને તેઓ કાનૂની સહાય પૂરી પાડશે,

સામાજિક માધ્યમની પોસ્ટમાં શ્રી અધિકારીએ આક્ષેપ કર્યો હતો કે પશ્ચિમ બંગાળ અને અન્ય રાજ્યોના નિવાસીઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની 168મી કલમ અંતર્ગત નોટિસ ફટકારવામાં આવી રહી છે.

# DOCTORS – PROTEST

કોલકાતામાં મહિલા ડોક્ટર પર થયેલા કથિત દુષ્કર્મ અને હત્યાના વિરોધમાં નિવાસી ડોકટરો અને તબીબી વિદ્યાર્થીઓએ આજે નવી દિલ્લીમાં તેમનો વિરોધ ચાલુ રાખ્યો છે. એઈમ્સ, સફદરજંગ હોસ્પિટલ, મૌલાના આઝાદ મેડિકલ કોલેજ, નોર્ધન રેલ્વે સેન્ટ્રલ હોસ્પિટલ અને અન્ય સંસ્થાઓના ડોકટરોએ દિલ્હીમાં નિર્માણ ભવન પાસે દેખાવો કરીને આ મામલે ન્યાયની માંગણી કરી હતી. વિરોધ કરી રહેલા તબીબો સમગ્ર દેશમાં આરોગ્યસંભાળ કામદારો અને સંસ્થાઓની સુરક્ષા માટે સુરક્ષા અધિનિયમની પણ હાકલ કરી રહ્યા છે.

# PADMA AWARDEEDOCTORS

પદ્મ પુરસ્કારથી સન્માનિત 70થી વધુ તબીબોએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પત્ર લખીને કોલકાતા દુષ્કર્મ અને હત્યા કેસમાં તેમના અંગત હસ્તક્ષેપની માંગ કરી છે.

તબીબોએ કહ્યું છે કે ક્રૂરતાની આવી ઘટનાઓ તબીબી ક્ષેત્રની સેવાઓને અસર કરે છે. મેડિકલ ક્ષેત્રે કામ કરતી મહિલાઓની સુરક્ષા પર તાત્કાલિક ધ્યાન આપવાની જરૂર હોવાનું આ તબીબોએ કહ્યું હતું. તેમણે શ્રી મોદીને આવી ઘટનાઓને રોકવા માટે કડક પગલાં લેવા વિનંતી પણ કરી હતી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

# HIMACHAL PRADESH RAIN

હિમાચલ પ્રદેશમાં ગઈકાલ રાતથી શરૂ થયેલા વરસાદના કારણે અનેક જગ્યાએ ભૂસ્ખલન થતાં 146 માર્ગ બંધ કરાયા છે. જ્યારે 301 ટ્રાન્સફોર્મર ઠપ્પ થતાં

અનેક જગ્યાએ વીજ પૂરવઠો ખોરવાયો છે. શિમલાના હવામાન વિભાગે આગામી 21 ઑગસ્ટ સુધી ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. સ્ટેટ ઇમરજન્સી ઑપરેશન સેન્ટરના જણાવ્યા મુજબ, આજે સવાર સુધી રાજ્યના 146માર્ગ બંધ છે. જ્યારે કુલ્લૂમાં 19 અને બિલાસપુરમાં એક પેયજળ યોજના બંધ થઈ છે.

હવામાન વિભાગે જણાવ્યું કે, બિલાસપુર જિલ્લાના નૈનાદેવીમાં સૌથી વધુ અંદાજે સાડા પાંચ ઇંચ જેટલો વરસાદ થયો છે. આ મહિને સામાન્યથી નવ ટકા વધારે વરસાદ વરસ્યો હોવાથી નદી-નાળા છલકાઈ ગયા છે. રાજ્યના વિવિધ જળાશયના જળસ્તરમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. હવામાન વિભાગે આગામી 2 દિવસ ભારે વરસાદની આગાહીને પગલે લોકોને ભૂસ્ખલનથી અસરગ્રસ્ત વિસ્તારમાં ન જવા અને નદી-નાળાથી દૂર રહેવાની સલાહ આપી છે.

# AMARNATH YATRA

અમરનાથ યાત્રાની આજે સવારે આસ્થા ભેર પૂર્ણાહૂતિ થઈ છે. જમ્મૂ ખાતે આકાશવાણી સંવાદદાતા સુનિલ કૌલ જણાવે છે કે ભગવાન શિવની પવિત્ર ગદા કે જેને "છડી મુબારક" કહેવામાં આવે છે તે આજે વહેલી સવારે દક્ષિણ કાશ્મીર હિમાલયમાં અમરનાથ ગુફામાં પહોંચી અને 43 દિવસની અમરનાથજી યાત્રાનો ઔપચારિક અંત આવ્યો.

29 વર્ષો પૂર્વે અમરનાથ યાત્રાનો પ્રારંભ થયો હતો. ઘણા વર્ષો બાદ આ વર્ષે આટલી મોટી સંખ્યામા શ્રદ્ધાળુઓએ અમરનાથ ગુફાના દર્શન કર્યા. સત્તાવાર આકંડાઓ પ્રમાણે આ વર્ષે અંદાજે 5 લાખથી વધુ શ્રદ્ધાળુઓએ પવિત્ર ગુફા મંદિરની મુલાકાત લીધી અને ભગવાન શિવ સમક્ષ પોતાની આસ્થા પ્રગટ કરી.

# RAKSHA BANDHAN

આજે ભાઈ બહેનનો પવિત્ર તહેવાર રક્ષાબંધન ભારે ઉત્સાહ અને ઉલ્લાસ પૂર્વક ઉજવાઇ રહ્યો છે. આજના દિવસે બહેન ભાઈના હાથે રાખડી બાંધીને

તેના સારા સ્વાસ્થ્ય અને લાંબા આયુષ્યની કામના કરે છે. જ્યારે ભાઈ બહેનને ભેટ આપીને તેની રક્ષા કરવાનું  વચન આપે છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુરમુએ આજના દિવસની દેશવાસીઓને શુભેછાઓ પાઠવતા આ તહેવાર મહિલાઓના અધિકારોની રક્ષા કરવાના સંકલ્પને મજબૂત બનાવતો  હોવાનું કહ્યું છે.

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે  લોકોને રક્ષાબંધન નિમિત્તે શુભેચ્છા પાઠવતા  દરેકને મહિલાઓની ગરિમા અને સન્માન જાળવી રાખવા, તેઓ વિકાસ કરી શકે અને તેમની ક્ષમતાનો સંપૂર્ણ અહેસાસ કરી શકે તેવા વાતાવરણને ઉત્તેજન આપવા માટે પ્રતિબદ્ધ થવા અપીલ કરી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રક્ષાબંધનના અવસરની શુભેચ્છા પાઠવતા  આ તહેવાર લોકોના જીવનમાં, સંબંધોમાં મધુરતા, સુખ, સમૃદ્ધિ અને સૌભાગ્ય લાવે તેવી કામના કરી છે.

## VP – ZIMBABWE

ઝિમ્બાબ્વેના ઉપરાષ્ટ્રપતિ કૉન્સ્ટેંટિનો ગુવેયા ડોમેનિક ન્યાકાડજિનો ચિવેંગા આજે ભારતના પ્રવાસેનવી દિલ્હી પહોંચ્યા છે. તેઓ આવતીકાલે 19માં CII ભારત – આફ્રિકા વેપાર સંમેલનમાં ભાગ લેશે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું છે કે સંમેલનમાં તેમની ભાગીદારી ભારત અને ઝિમ્બાબ્વેના સંબંધોને ઉજાગર કરે છે. વધુમાં તેમણે લખ્યું છે કે આનાથી આફ્રિકા સાથે મજબૂત અને સહકારાત્મક સંબંધો પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતા વધુ મજબૂત બનશે...